# ૯.૦ ભારતીય સમાજમાં સ્ત્રી - પુરુષનું સ્થાન

ડૉ.જગદીશભાઈ આર મહિડા

## ઐતિહાસિક અને વર્તમાન પરિપ્રેક્ષ્યમાં ભારતીય નારીની બીબાંઢાળ સામાજિક ભૂમિકા

⇨ ભારત સોને કી ચિડિયાં ધરાવતો દેશ કારણઃ આપણો દેશ સભ્યતા, સંસ્કૃતિ, કલા, સાહિત્ય અને શિક્ષણમાં વિશ્વભરમાં જાણીતો છે.

⇨ સમાજમાં વર્ષોથી આધાર સ્તંભ ગણાતા રથના પૈડાં સમાન સ્ત્રી - પુરુષમાં શિક્ષણ પ્રાપ્તિમાં સ્ત્રીઓનું ઉતરતું સ્થાન

⇨ <u>૧૯૫૧ – પુ. ૨૭.૬૧ જ્યારે સ્ત્રી. ૮.૮૬</u> જે વધીને <u>૨૦૦૧ – પુ.૭૫.૮૫ જ્યારે સ્ત્રી.૫૪.૧૯</u>

⇨ આદિકાળથી પુરુષ પ્રધાન સમાજ

⇨ વર્ષો પહેલાં સ્ત્રીને શક્તિ તરીકે ઓળખવામાં આવતી. સ્ત્રી પુરુષની પ્રેરણામૂર્તિ ગણાતી.

⇨ બંનેની ભાગીદારી – છતાં સ્ત્રીની ભાગીદારી વધુ છે. કારણ કે તે એક માતા છે.

⇨ મનુષ્યને પોતાના ગર્ભમાં ધારણ કરીને માનવ સંસાધન પૂરું પાડવાનું ઉમદા કાર્ય સ્ત્રી કરે છે.

❖ <u>પ્રાચીનકાળ:</u>

⇨ આ કાળની અવધિ લાંબી છે.સમયઅનુસાર તેમાં પરિવર્તન આવતા હોય છે.

⇨ (૧) આદિકાળઃ આદિકાળ એટલે કે માનવ જીવનની શરૂઆતનો સમય. જ્યારે માનવી અને પ્રાણીઓ વચ્ચે ખાસ તફાવત ન હતો. ગુફાવાસી, શિકાર કરીને ખોરાક પ્રાપ્તિ- જીવનનિર્વાહ આ સમયગાળામાં સભ્યતા અને સંસ્કૃતિનો ઉદય થયો ન હતો.

⇨ આ સમયગાળામાં કુટુંબ સંસ્થાનો ઉદય થયો ન હતો, અસ્તિત્વમાં ન હતી.

⇨ (સ્ત્રી અને પુરુષ) માનવી પશુઓની જેમ ટોળામાં જીવન વીતાવતો, એટલે કે આ સમયગાળામાં કુટુંબ સંસ્થા અસ્તિત્વમાં ન હતી. એટલે કે પતિ પત્ની જેવા સંબંધો નહતા.-------એટલી બાબત ચોક્કસ હતી કે સંતાનને જન્મ સ્ત્રી આપે છે.

⇨ એટલે કે સંતાનની માતા કોણ હતી તે નિશ્ચિત હતું પરંતુ તેનો પિતા કોણ હતો તે વિશુ નિર્ણય થઈ શકતો ન હતો. કારણ માતાનું મહત્ત્વ સ્થાપિત હતું. પરિણામે માતૃસત્તાક સમાજ અસ્તિત્વમાં આવેલ.

⇨ આ સમયગાળામાં સ્ત્રીનું વર્ચસ્વ સ્વીકારવામાં આવતું,માતાનો વિશેષ મહિમા હતો. આ સમયગાળામાં માતૃપ્રધાન સમાજ જોવા મળે છે. આજે પણ એ પરંપરાના અંશો હિમાચલ પ્રદેશ, બ્રહ્મદેશ, અગ્નિએશિયાના દેશોમાં જોવા મળે છે.

⇨ માતૃપ્રધાન સમાજમાં સ્ત્રીઓનું મહત્ત્વ હતું. તેઓનો સામાજિક દરજ્જો ઊંચો હતો. સમયજતાં એક સ્ત્રી પરિવારના અનેક પુરુષોને પરણતી- આ બાબત જે તે સમયગાળાની સમાજવ્યવસ્થા હતી. અહીંથી પરિવાર પ્રથાનો જન્મ થયો હશે.

❖ <u>પ્રાચીન સમયઃ</u>

⇨ આ સમયમાં સ્ત્રીઓને સમાજમાં ઊંચું સ્થાન મળતું, તત્કાલીન સ્ત્રીઓ સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે અને નિર્માણમાં બરાબરની ભાગીદાર ગણાતી.

⇨ આમ, વૈદિકકાળથી લઈ મધ્યકાળ સુધીમાં આપણા દેશમાં સ્ત્રી શિક્ષણની સ્થિતિ જાણે સુવર્ણયુગમાંથી અંધકારયુગમાં ધકેલાઈ ગઈ.

⇨ કારણ, વૈદિકયુગમાં મંત્ર ઉચ્ચારણમાં માત્ર સાધુઓ જ નહીં, સાધવીઓનો પણ ઉપયોગ થતો.—ઋગ્વેદમાં તેનો ઉલ્લેખ છે.---સૂર્ય, સાવિત્રી,ઘોષો, લોપામુદ્રા,વિશ્વવારા અને અપાલા

⇨ આદિ પુરુષ મનુની દિકરી ઈડા ને યજ્ઞકાર્યમાં ઉપયોગી થનાર જણાવેલ છે.

⇨ મહર્ષિ યાજ્ઞવલ્ક્યની પત્ની મૈત્રેયિને વેદોના પ્રવચન આપનારી જણાવેલ છે.

⇨ એટલે કે પ્રાચીન સમયગાળામાં સ્ત્રીઓ માત્ર વેદો, પૂરાણોમાં નિપૂણ બની એટલું જ નહીં પ્રકાંડ પંડિતો પણ હતી.

⇨ એમ પણ કહેવાય છે કે શાસ્ત્રોક્ત ચર્ચા વિષયમાં શંકરાચાર્યને પરાસ્ત કરનાર પણ એક સ્ત્રી જ હતી.

⇨ રામાયણમાં કૌશલ્યા, કૈકેયિ, સીતા, તારા અને મંદોદરી જેવી સ્ત્રીઓનો ઉલ્લેખ છે. જેઓ જ્ઞાન – વિજ્ઞાન અને કૌશલ્યમાં પારંગત હોવાનો દાખલો છે.

⇨ આમ, આપણા દેશમાં જ્યાં સુધી સમાજજીવનમાં સ્ત્રીઓનું સન્માનજનક સ્થાન હતું ત્યાં સુધી વીર અને દેવી પુરુષોએ આ ધરા પર જન્મ લીધો હતો.

⇨ દા.ત. કૌશલ્યા, દેવકી, માતા જીજાબાઈ અને પૂતળીબાઈ

⇨ એટલે કે સંતો, મહંતો, ઋષિ મુનિઓ, મહાપુરુષો અને અવતારી પુરુષો સ્ત્રી થકી જ આગળ આવેલ છે.

⇨ નારીને અર્ધાંગની પણ કહેવામાં આવે છે. સ્ત્રી એ સમાજનું, પરિવારનું અને પતિનું અડધું અંગ છે. જેના થકી પરિવાર, સમાજ અને સૃષ્ટિમાં સુખ,શાંતિ અને સમૃદ્ધિનું સામ્રાજ્યનું સર્જન થાય છે.

⇨ પરિવાર અને સમાની સુખ અને સમૃદ્ધિમાં સ્ત્રીનું વિશેષ યોગદાન છે.

⇨ કહેવાય છે કે કાળનું ચક્ર અવિરત ફરતું રહેવાથી ઈતિહાસ કરવટ બદલ્યા કરે છે.સમયનુસાર નારી પ્રત્યેનો અભિગમ બદલાયા કરે છે. પરિણામે એનો સામાજિક દરજ્જો પણ બદલાયા કરે છે.

⇨ વેદકાળઃ સપ્તસિંધુના તીરે આર્યોએ જ્ઞાન સાધના કરી ઋષિઓએ તત્ત્વજ્ઞાનના સારરૂપે ચાર વેદો આપ્યા.

⇨ જ્ઞાનના ક્ષેત્રે ઋષિમુનિઓએ ઊંચી છલાંગ લગાવેલ છે.

⇨ આ સમયગાળામાં ઋષિમુનિઓ ગૃહસંસારી હતા.—પુરુષોની જેમ સ્ત્રીઓ પણ અધ્યયન કરી શકતી. સ્ત્રી અને પુરુષ બિલકુલ સમાન હતા. સ્ત્રીનો સામાજિક દરજ્જો પુરુષ સમાન - ખભે ખભા મિલાવીને કામ કરતી.સ્ત્રીની ક્ષમતા અને વિશેષતાની કદર થતી.  આવા સમયમાં ગાર્ગી, લોપામુદ્રા જેવી વિદુષીઓ થયેલ હતી. ------- નારીને દેવી,શક્તિ, માતા જેવાં ગૌરવપ્રદ વિશેષણોથી નવજવામાં આવતી.

⇨ *એટલે જ વેદોમાં જણાવેલ છે કે જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવોનો વાસ થાય છે.*એટલે કે આ સમયગાળો સ્ત્રી પુરુષ સમાનતાનો સુવર્ણયુગ છે.

⇨ મનુ ભગવાને મનુસ્મૃતિમાં નારીની નિંદા કરેલ છે. નારીએ બાળપણમાં પિતાને, યુવાનીમાં પતિને અને વૃદ્ધાવસ્થામાં પુત્રને આધીન રહેવું જોઈએ.

⇨ કોઈ પણ સંજોગોમાો સ્ત્રી સ્વતંત્રતાને લાયક નથી. જો કે બચાવમાં એમ પણ કહેવામાં આવેલ છે કે આ પ્રકારના વિધાન મૂળ મનુસ્મૃતિમાં નથી, પાછળથી ઘૂસાડવામાં આવેલા ક્ષેપકો છે.

❖ મધ્યકાળ:

⇨ નારી માટે સામાજિક દરજ્જા અને ગૌરવની દ્રષ્ટિઅ઼ુ મધ્યકાળ એ પતનનો યુગ છે.---આ કાળમાં નારીની નિંદા કરવામાં આવતી.

⇨ પુરુષો નારીને હીન અને હલકી માનતા, સંતો ભક્તો પણ નારીને ધર્મ સાધનામાં બાધક માની નારી મોહ માયા ઉત્પન્ન કરનારી કહીને ભરપૂર નિંદા કરી છે. આ સમયગાળામાં તનો તિરસ્કાર  નારી નરકનું દ્વાર, કુલનાશિની અને વિષમય સર્પિણી જેવા શબ્દપ્રયોગ કરતા.

⇨ પત્નીનો ત્યાગ કરનાર સાધુ સંન્યાસી સમાજમાં પ્રતિષ્ઠિત થયા અને પૂજાવા લાગ્યા.

⇨ ધર્મ સાધના માટે સ્ત્રીનો ત્યાગ કરવો જરૂરી ગણાયો.

⇨ આ સમયગાળામાં ચારવર્ણોની રચના થઈ તેમાં પણ નારીને ચારેય વર્ણોમાં શુદ્ર માનવામાં આવી.

⇨ ઈસ્લામના આગમનના કારણે બાળલગ્ન પ્રથા તથા ઘૂંઘટપ્રથા અસ્તિત્વમાં આવી

⇨ નારીપરના અત્યાચાર વધ્યા,એની ચરમસીમા સતીપ્રથામાં આવી.  પતિ પરમેશ્વર છે નારીનો જન્મ પતિની સેવા કરવા માટે જ થયો છે. પિતના મૃત્યુ પછી પરલોકમાં પતિની સેવા કરવા માટે પતિ સાથે પત્નીનો અગ્નિસંસ્કાર કરવામાં આવતો.  આવી સતીપ્રથા જેવી ગૌરવપ્રદ સંજ્ઞા આપવામાં આવી.

⇨ વિધવાની સ્થિતિ અત્યંત દયાજનક હતી.સતી થવાથી એ દુઃખોમાંથી મુક્તિ મળતી.

⇨ મધ્યયુગની શરૂઆતથી  છેક અઠારમી સદી સુધીમાં સ્ત્રી પુરૂષની અસમાનતા પરાકાષ્ઠાએ પહોચી હતી.

⇨ સ્ત્રીનું જીવન ઘરની ચાર દિવાલ પૂરતું સીમિ તહતું.

⇨ તાબેદારી અને પરાધીનતા સ્ત્રીજીવનનું અંગ બની ગયું.

⇨ કન્યાના જન્મ અને ઉછેરની અવજ્ઞા થતી.

⇨ બાલિકા હત્યા, દૂધપીતી, દેવદાસી પ્રથા, સતી પ્રથા દ્વારા સ્ત્રીના જીવવાનો અને ઉછેરનો અધિકાર છિનવાઈ ગયો હતો.

⇨ બાળલગ્ન સામાન્ય બન્યું હતું.

⇨ બાળલગ્ન અને પરદાપ્રથાના કારણે સ્ત્રીશિક્ષણનો અભાવ

⇨ જે કન્યા લખતા વાંચતા શીખે છે તે વિધવા બને છે તેવી માન્યતા.

⇨ ઈ.સ.૧૦૦૦ થી ૧૮૦૦ સુધી સ્ત્રીશિક્ષણ માટેની કોઈ સંસ્થા જ નહતી.

⇨ સ્ત્રીઓના હક્કોનેગુલામના હક્કો સાથે સરખાવવામાં આવ્યા.

⇨ પત્નીને શારીરિક શિક્ષા કરવાનો પતિને અધિકાર

⇨ જીવનસાથીની પસંદગીનો અવકાશ નહીં.

⇨ વિધવાપુનઃ લગ્ન ન કરી શકે, વિધુર પુનઃ લગ્ન કરી શકે

⇨ દહેજ પ્રથા દૂષણ બની હતી----બહુપત્ની પ્રથા અસ્તિત્વમા ંઆવી.

⇨ પતિવ્રતાધર્મ અનેપતિપરમેશ્વરના આદર્શ સ્ત્રીનુંજીવન વિવિધવ્રતો પૂરતું સીમિત હતું

⇨ સ્ત્રીનેગૃહકાર્ય પૂરતું શિક્ષણ આપવામાં આવતું.

⇨ જ્ઞાન પ્રાપ્તિ અને વિદ્વતા સ્ત્રી માટે અનિચ્છનીય ગણાતું.

⇨ સ્ત્રીને સ્વવિકાસ અને આત્માભિવ્યક્તિની કોઈ તક ન હતી.

⇨ પરદાપ્રથા વ્યાપક અને કઠોર હતી, જેનો ભંગ કરનાર સ્ત્રીનો ત્યાગ થતો અથવા તો તે સખત શિક્ષાનો ભોગ બનતી.

⇨ પરદા પ્રથાના કારણે સામાન્ય સ્ત્રી જાહેરજીવનના અધિકારોથી વંચિત રહેતી .તેનું જીવન ઘરની ચારદિવાલ પૂરતું સીમિત રહેતું.

⇨ અંગ્રેજાના આગમન થકી સ્ત્રીના દરજ્જા બાબતે કેટલા સુધારા થયા.સતીપ્રથા અને બાળલગ્ન પ્રથાઓ દૂર કરવા કાયદા ઘડાયા.

⇨ પુરુષો પાશ્ચાત્ય વિદ્યા ભણતા થયા અને એમનામાં સ્ત્રી સન્માનની ભાવનાનો ઉદય થયો. છતાં સંપૂણ સમાનતાની વાતો તો ઘણી દૂર હતી.

❖ અર્વાચીન કાળઃ

❖ સ્વતંત્રતા પૂર્વકાળઃ

⇨ અર્વાચીનકાળની પૂર્વભૂમિકા સ.ન.૧૯૪૭માં આપણને આઝાદી મળી એનાથી આશરે સો વર્ષ પહેલાંથી રચાવા લાગી.

⇨ ઈ.સ.૧૮૮૫ માં મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં વિશ્વવિદ્યાલયોની સ્થાપના થઈ પરિણામે લોકો પાશ્ચાત્ય જ્ઞાન વિજ્ઞાનથી પરિચિત થયા. લૉર્ડ મેકોલોએ અંગ્રેજી શિક્ષણને મહત્ત્વ આપ્યું. એનાથી સાંસ્કૃતિક દ્રષ્ટિએ આપણને ઘણું નુકસાન તો થયું પરંતુ આપણી કૂપમંડુકતા દૂર થઈ અને આપણે આધુનિક વિચારધારાઓથી પરિચિત્ થયા.

⇨ મોટાભાગના સમાજસુધારકો અને આઝાદીના આંદોલનકર્તાઓએ યુનિવર્સિટીનું ઉચ્ચ શિક્ષણ લીધું, ગુઈામી ખટકવા લાગી,ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે પ્રચલિત કુપ્રથાઓ વિશે પણ વિચારતા થયા.

⇨ સર્વધર્મ સમભાવ, મનુષ્યમાત્રની સમાનતા, નારી પ્રત્યે આદર જેવા ઉચ્ચ માનવીય મૂલ્યોના પ્રચાર અને પ્રસાર માટે આંદોલનો થયા.

⇨ સ્ત્રીઓને અન્યાયકર્તા અને અમાનવીય સામાજિક કુરૂઢિઓનો અંધકાર અસ્ત થવા લાગ્યો અને સુધારાનો સૂર્યોદય લાગ્યો.

⇨ નારી પ્રત્યેનો લોકોનો અભિગમ બદલાયો. અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કરેલ સાહિત્યકારોએ પણ આ યજ્ઞકાર્યમાં કલમ દ્વારા યોગદાન આપ્યું. ભારતીય નારી પણ અંગ્રેજી શિક્ષણ લેવા લાગી. જાણે કે તે પોતે પણ નિંદ્રામાંથી જાગતી થઈ.

⇨ આ સમયગાળામાં સ્ત્રી શિક્ષણ અલ્પ હતું પરંતુ એનો પાયો આઝાદી પહેલાં નંખાઈ ગયો હતો.

⇨ (૨) <u>સ્વતંત્રતા ઉત્તરકાળઃ</u>

⇨ સુધારાની પૂર્વભૂમિકા તૈયાર થઈ ગઈ હતી,જેથી સુધારા માટે આણને મોકળું મેદાન મળી ગયેલ હતું.

⇨ ગામડે ગામડે શાળા મહાશાળાઓ અસ્તિત્વમાં આવી, વાલીઓ પણ સ્ત્રી શિક્ષણ માટે જાગૃત થયા. સ્ત્રીશિક્ષણમાં નોંધપાત્ર વધારો થયો. શિક્ષણ પ્રાપ્ત કરેલ નારી પોતે પોતાની ક્ષમતા અને મહિમાથી પરિચિત થઈ.સાથે અન્ય સુધારકોનો સહયોગ મળ્યો, આમ દ્વિગુણિત વેગથી નારી પ્રત્યેના અભિગમમાં પરિવર્તન આવ્યું.

⇨ આધુનિક નારી માત્ર રસોડામાં કેદ નથી, તે અનેક ક્ષેત્રો એની ક્ષમતા અને શક્તિનો લાભ લેવા તત્પર છે. આર્થિક સદ્ધરતા કેળવી રહી છે.

⇨ આવતી કાલઃ આવતી કાલની પૂર્વભૂમિકા આજે રચાઈ ચૂકી છે. એકવીસમી સદીના આરંભથી એના એંધાણ મળવા લાગ્યા છે.

⇨ હવે લોલક એક છેડેથી પાછું ફરતા વચ્ચે અટકવા તૈયાર નથી. તે સામે છેડે પહોંચવા માટે ભારે ઉત્સુક છે.

**આધુનિક યુગઃ**

- ⇨ ઈ.સ. ૧૮૨૪માં ખ્રિસ્તી મિશનરીદળોએ મુંબઈમાં પ્રથમ કન્યાશાળાની સ્થાપના કરી.
- ⇨ ત્યારબાદ પચીસ વર્ષે ખ્રિસ્તી મિશનરીઓએ મુંબઈમાં ઈ.સ.૧૮૪૯માં કન્યાશાળાની સ્થાપના કરી.
- ⇨ બંગાળામાં દયાનંદ સરસ્વતીનું કન્યા શિક્ષણ ક્ષેત્રેનું કામ નોંધનીય છે.
- ⇨ એમના મતે બાળલગ્ન રોકવાનું સાધન કન્યા શિક્ષણ છે.
- ⇨ મહારાષ્ટ્રમાં મહાદેવ ગોવિંદરાનડેએ સ્ત્રી શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામ કર્યુ છે.
- ⇨ મુંબઈ પ્રાંતમાં કન્યાશાળા શરૂ કરવા માટે ઈ.સ.૧૮૫૧ માં ઈન્ડિયન સોસાયટીની સ્થાપના કરવામાં આવી હતી.
- ⇨ ઈ.સ. ૧૮૫૪માં એબટવૂડના અહેવાલ મુજબ મુંબઈ પ્રાંતમાં ૬૫ કન્યાશાળાઓ હતી. અને જેમાં ૮૦૦૦ કન્યાઓ ભણતી હતી.
- ⇨ ઈ.સ. ૧૮૫૪માં ૨૫૦૦૦ છોકરીઓના નામ નોંધાયા હતા.
- ⇨ ઈ.સ. ૧૮૭૦માં મહિલા શિક્ષકોને તાલીમ આપતી તાલીમી કૉલેજ અસ્તિત્વમાં આવી.
- ⇨ ઈ.સ. ૧૮૮૨માં સ્ત્રી શિક્ષણની સમસ્યાઓ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા રહી.
- ⇨ કન્યાશાળામાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સ્ત્રી શિક્ષકો-નિરીક્ષકોની જોગવાઈ કરવાની ભલામણ કરી.
- ⇨ ઈ.સ. ૧૮૮૩માં બેથ્યુનશાળામાંથી બહાર આવેલી બે કન્યાઓ કલકત્તા યુનિવર્સિટીની પ્રથમ સ્નાતક મહિલાઓ બહારઆવી.
- ⇨ ઈ.સ. ૧૯૦૨ સુધીમાં ૧૬૯ છોકરીઓ કોલેજની વિનીયનશાળામાં અને ૮૭ છોકરીઓએ વ્યાવસાયિક તાલીમ લીધી હતી.
- ⇨ ઈ.સ. ૧૯૦૧માં ૧૦૦ છોકરાઓ માત્ર ૪ છોકરીઓ મા.શાળામાં દાખલ થઈ હતી.
- ⇨ કન્યા શિક્ષણ પર આગવું કામ કરનાર ઘોંડો કેશવ કર્વે હતા. તેમણે ઈ.સ. ૧૯૦૮માં કન્યાશાળા શરુ કરી હતી.
- ⇨ ઈ.સ. ૧૯૬૧માં મુંબઈમાં એસ.એન.ડી.ટી. તરીકે પ્રખ્યાત પામેલી મહાવિદ્યાપીઠની સ્થાપના કરી.
- ⇨ જે ૧૯૫૦-૫૧માં ૧૫ થઈ. ૧૯૬૫-૬૬માં ૨૬ થઈ.
- ⇨ ગાંધીજીએ સ્ત્રી શિક્ષણને મહત્ત્વ આપ્યું.
- ⇨ ઈ.સ.૧૯૨૪ માં સ્ત્રીઓએ ધારાસભામાં પ્રવેશબંધી સામે લડત ઉપાડી હતી (મતાધિકાર).
- ⇨ સ.સ.૧૯૨૮માં સાયમન કમિશનની નિમણૂક સાથે સ્ત્રીઓની રાજકીય પ્રતિનિધિત્ત્વની માગણીનો બીજો તબક્કો શરૂ થયો.
- ⇨ બંધારણની કલમ - ૧૫ અન્વયે જાતિ આધારિત અસમાનતા પર પ્રતિબંધ આવ્યો.

આઝાદી પછી ભારત દેશમાં સ્ત્રી શિક્ષણ બાબતે ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. સ્ત્રી શિક્ષણ ન આપવાનું વલણ ધરાવતો રૂઢિચુસ્ત સમાજ આજે બદલાયો છે. આ પરિવર્તનના પરિબળો કેળવણીમાં સમાયેલાં છે. શૈક્ષણિક માધ્યમે જનસમાજનાં વલણો બદલીને સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક દરજ્જાઓમાં ધરમૂળથી પરિવર્તન આણ્યું છે. સમાજ સુધારકો, શિક્ષણવિદો, કેળવણીકારો, સ્ત્રી શિક્ષણના હિમાયતીઓની નજરમાં આ બાબત આવતાં સ્ત્રી શિક્ષણના ઘણા બધાં કાર્યો આદરવા લાગ્યાં.

ભારતીય સંદર્ભમાં ૧૯૮૦થી મહિલાઓને એક અલગ લક્ષ્યજૂથ માનીને પુરુષોની સમકક્ષ દરજ્જો આપવા માટે મહિલા વિકાસ સંબંધિત અનેક યોજનાઓ, કાર્યક્રમો અમલમાં મૂકાયા છે.

⇨ ઈ.સ.૧૯૯૭-૨૦૦૨ની નવમી પંચવર્ષીય યોજના દરમિયાન સ્ત્રીઓનો દરજ્જો સુધારવા માટે સશક્તિકરણને સ્વીકૃતિ મળી.

⇨ ઈ.સ.૧૯૯૯માં રાષ્ટ્રીય મહિલા આયોગની રચના કરવામાં કરી,

⇨ ઈ.સ.૨૦૦૧ મહિલા સ્ત્રીશક્તિકરણની નીતિ અપનાવી.

⇨ ઈ.સ. ૨૦૦૨ ના વર્ષને 'મહિલા સશક્તિકરણ વર્ષ 'તરીકે ઉજવેલ છે.

⇨ યુનાઈટેડ નેશન્સે ૧૯૭૫ના વર્ષને ' મહિલા વર્ષ 'જાહેર કર્યું તથા ૧૯૭૫ - ૮૫ના દશકાને 'મહિલા દશકા' તરીકે જાહેર કર્યો.

⇨ ગુજરાતમાં સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ વધે તે માટે 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' અને 'વિદ્યાદીપ' જેવી પરિણામલક્ષી યોજના અમલમાં મૂકી છે

### ❖ *રાજ્ય સરકારની મહિલા વિકાસ યોજનાઓ અને સિદ્ધિ:*

રાજ્ય સરકારે મહિલાઓના વિકાસ માટે અનેક યોજનાઓ આપી છે. સરકાર ખાસ મહિલા અને બાળ વિકાસ વિભાગ ચલાવે છે આ વિભાગ દ્વારા મહિલાઓના વિકાસની અનેક યોજનાઓ સફળતાના પંથે આગળ વધી રહી છે.

### ❖ *સંકલિત બાળ વિકાસ યોજના:*

આ યોજનામાં દિકરી માતાના ગર્ભમાં હોય ત્યારથી જન્મે ત્યારે છ વર્ષની બાલિકા થાય, કિશોરી થઈને પછી સગર્ભા બને ત્યારે અને બાળકને જન્મ આપી ધાત્રી માતા બને ત્યાં સુધી તેની તમામ કાળજી જેવી કે રસીકરણ, દર મહિને વજન, આરોગ્ય તપાસ, પૂરક પોષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, બિમાર પડે તો રેફરલ સેવા અને આરોગ્ય, પોષણ, શિક્ષણ વગેરે આપવામાં આવે છે.

### ❖ *બાલિકા સમૃદ્ધિ યોજના:*

❖ આ યોજનામાં બી.પી.એલ. માં આવતા કુટુંબની બાલિકાઓ કે જે ૧૫/૦૮/ '૯૭ પછી જન્મી હોય તેને રૂા. ૫૦૦/- જન્મોત્તર સહાય આપવામાં આવે છે જે રકમ બાલિકા ૧૮ વર્ષની થાય ત્યારે તેને મળવાપાત્ર છે. ઉપરાંત આ બાલિકા શાળામાં ભણતી થાય એટલે ધોરણ ૧ થી ૧૦ સુધી નક્કી કરેલી શિષ્યવૃત્તિ તેને ચૂકવવામાં આવે છે.

## ❖ કિશોરી શક્તિ યોજના:

રાજ્ય સરકારની આ યોજનામાં ૧૧ થી ૧૫ વર્ષની અને ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને આંગણવાડીમાં પૂરક પોષણ આપવામાં આવે છે. આ કિશોરીઓને એનીમીક થતી અટકાવવા, આયર્ન, ફૉલીક ઍસિડની ગોળીઓ પણ આપવામાં આવે છે. આ ભવિષ્યની તંદુરસ્ત માતા બની શકે તે માટે આરોગ્ય પોષણ શિક્ષણ આપવામાં આવે છે તથા વખતો વખતની નક્કી કરેલ તાલીમ પણ આપવામાં આવે છે.

## ❖ જનશ્રી વિમા યોજના:

રાજ્યમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ચાલતી આઈ.સી.ડી.એસ. યોજનામાં કામ કરતી તેડાગર બહેનો માટે આ યોજના હેઠળ આંગણવાડી કાર્યકર વિમા યોજના ચલાવવામાં આવે છે. એલ.આઈ.સી. સંલગ્ન આ યોજનામાં માનદ મહેનતાણું મેળવતી બહેનોએ વાર્ષિક રૂા. ૮૦/- પ્રિમિયમ ભરવાનું રહે છે. રૂા. ૧૦૦/- એલ.આઈ.સી. ભરે છે અને કેન્દ્ર સરકારના રૂા. ૧૦૦/- મળી કુલ રૂા. ૨૮૦/- નું પ્રિમિયમ નક્કિ થયેલું છે. રૂા. ૨૮૦/- ના વાર્ષિક પ્રિમિયમની સામે તેણીના વારસદારને પોતાનું આકસ્મિક મૃત્યુ થતાં રૂા. ૫૦,૦૦૦/-, કુદરતી મૃત્યુ થતાં રૂા. ૩૦,૦૦૦/- તથા અકસ્માતમાં જો બે આંખ, બે પગ, બે હાથ ગુમાવે તો રૂા. ૫૦,૦૦૦/- અને અકસ્માતમાં જો એક હાથ એક પગ કે એક આંખ ગુમાવે તો રૂા. ૨૫,૦૦૦/- સહાય મળે છે તેમજ ગર્ભાશયનું કેન્સર કે સ્ત્રીઓને લગતાં અન્ય કેસમાં સારવાર માટે રૂા. ૨૦,૦૦૦ સહાય આપવામાં આવે છે.

ઉપરાંત આ યોજનામાં જોડાયેલી આ આંગણવાડી કાર્યકર કે તેડાગરનું બાળક ધોરણ ૯,૧૦,૧૧ કે ૧૨માં ભણતું હોય તો વાર્ષિક રૂા. ૧૨૦૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

સ્વાતંત્ર્યની લડતના સમયગાળામાં ગાંધીજીની નેતાગીરી નીચે અનેક નારીઓએ પોતાનું યોગદાન આપેલ હતું. આ વીરાંગનાઓએ દેશને ગુલામીમાંથી મુક્ત કરવા, માભોમને આઝાદ કરવા માટે આહુતિ આપેલ છે. જેમાં ઝાંસીની મહારાણી - વીરાંગના 'લક્ષ્મીબાઈ', આપણાં રાષ્ટ્ર માતા 'કસ્તૂરબા', બુલબુલે હિન્દ- ભારત કોકિલા 'સરોજિની નાયડુ', હિન્દુસ્તાની પ્રચારસભાના સ્થાપક 'પહેરીનબહેન કેપ્ટન', એસ.એન.ડી.ટી.યુનિવર્સિટીના માતા 'પ્રેમલીલાબેન', સ્ત્રી શિક્ષણના અગ્રણી અને ભારતીય મહિલા વિશ્વવિદ્યાલયના પ્રથમ મહિલા ઉપકુલપતિ 'હંસાબેન મહેતા', યુનોની મહાસભાના પ્રથમ મહિલા અધ્યક્ષા 'વિજયાલક્ષ્મી પંડિત', સ્વતંત્રતા અને સામાજિક ચળવળના અગ્રણી 'કમલાદેવી ચટ્ટોપાધ્યાય', વિકાસગૃહની માતા 'પુષ્પાબેન મહેતા', ભારતના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશના પ્રથમ મહિલા મુખ્યમંત્રી 'સુચેતા કૃપાલાની', પ્રથમ સંસદ અધ્યક્ષા 'વાયલેટ અલ્વા', ૧૯૪૨ની લોકક્રાંતિ 'હિન્દ છોડો'ના નાયિકા 'અરૂણા અસફઅલી', જ્યોતિ સંઘના સ્થાપક 'મૃદુલાબેન સારાભાઈ', જીવન સંધ્યાના વિકાસ પ્રેરક 'વીરબાળાબેન નાગરવાડિયા', સ્વરક્ષણ અને નિર્ભયતાના પાઠ શીખવનાર 'પૂર્ણિમાબેન પકવાસા', રાજકોટમાં વલ્લભ કન્યા વિદ્યાલય સ્થાપક 'સુભદ્રાબેન શ્રોફ', સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રથમ શહીદ 'પ્રીતિ વદ્દેદાર', સૌ પ્રથમ ભારતીય

રાષ્ટ્રધ્વજ ફરકાવનાર 'માદામ કામા', ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન 'ઈન્દિરા ગાંધી' અને સૌરાષ્ટ્રની સિંહણ તરીકે ઓળખાતા 'નીરૂબેન પટેલ',જેવી અનેક સન્નારીઓએ યોગદાન આપેલ છે.

**મહિલા રક્ષણ અને અધિકારલક્ષી કાયદાઓ:**

⇨ મહિલા લઘુત્તમ વેતન ધારો (ઈ.સ.૧૯૪૮)

⇨ સમાન વેતન ધારો (ઈ.સ.૧૯૪૮)

⇨ સ્પેશિયલ મેરેજ ઍક્ટ ઈ.સ.૧૯૫૪ જેને સીવીલ મેરેજ અથવા રજિસ્ટર્ડ મેરેજ તરીકે ઓળખવામાં આવે છે.

⇨ હિન્દુ લગ્ન ધારો(ઈ.સ.૧૯૫૫)

⇨ હિન્દુ વારસા અધિકારનો કાયદો(ઈ.સ.૧૯૫૬)

⇨ હિન્દુ દત્તક ભરણ પોષણનો કાયદો (ઈ.સ.૧૯૫૬)

⇨ મેટરનીટી બેનીફીટ ધારો (ઈ.સ.૧૯૬૧)

⇨ દહેજ નાબૂદી ધારો (ઈ.સ.૧૯૬૨)

⇨ છુટાછેડાની જોગવાઈ (હિન્દુ લગ્ન ધારા અન્વયે) (ઈ.સ.૧૯૬૯) મુસ્લિમ સ્ત્રીઓને વધારામાં Dissolution of Muslim Marriege Act (ઈ.સ.૧૯૩૯) નો લાભ મળે.

⇨ સગર્ભાવસ્થાની તબીબી સેવા ધારો (ઈ.સ.૧૯૭૧)

⇨ નિભાવ ખર્ચનો ધારો આઈ.પી.સી. કલમ અન્વયે (ઈ.સ.૧૯૭૩)

⇨ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમની સ્થાપના (ઈ.સ.૧૯૮૧)

⇨ સંકલિત બાળ વિકાસ યોજના (ઈ.સ.૧૯૮૩ - ૮૪)

⇨ ઈમ્મોરલ ટ્રાફીક ઍક્ટ (ઈ.સ.૧૯૮૬)

⇨ Wemen Protection of Rights & Divorce Act મુસ્લિમ (ઈ.સ.૧૯૮૬)

⇨ સતી પ્રતિબંધિત ધારો (ઈ.સ.૧૯૮૭)

⇨ સ્ત્રીઓને બિભત્સ રીતે રજૂ કરવા સામે પ્રતિબંધિત ધારો (ઈ.સ.૧૯૮૬)

⇨ દેવદાસી પ્રતિબંધિત ધારો (ઈ.સ.૧૯૮૮)

⇨ રાષ્ટ્રીય મહિલા આયોગની રચના (ઈ.સ.૧૯૯૦) – મહિલાઓના કાનૂની અધિકારો

⇨ પ્રોટેક્શન ઑફ હ્યુમન રાઈટ્સ ધારો (ઈ.સ.૧૯૯૩)

⇨ ગર્ભ પરીક્ષણ કસોટી ધારો(ઈ.સ.૧૯૯૪)

⇨ વ્યવસ્થા સ્થળે સેક્સયુઅલ એટ્રોસીટી વિરુદ્ધનો ધારો (ઈ.સ.૧૯૯૭) તથા સંશોધિત ઈ.સ. ૨૦૦૨ નો ધારો.

⇨ ઘરેલું હિંસા પ્રતિબંધ ધારો (ઈ.સ. ૨૦૦૫)

⇨ નારી ગૌરવ નીતિ (ઈ.સ.૨૦૦૫)

⇨ સ્ત્રીઓના પોલીસ સંબંધી અધિકારો

⇨ કામકાજના સ્થળે સ્ત્રીઓની જાતીય સલામતી પ્રતિબંધિત ધારો

ભારતના બંધારણના આમુખમાં સ્વતંત્રતા, સમાનતા અને સામાજિક ન્યાય પર ભાર મૂકવામાં આવેલ છે. મૂળભૂત અધિકારો, નીતિવિષયક નિર્દેશક સિદ્ધાંતોને પ્રાથમિકતા આપવામાં આવી. કોઈ પણ ભારતીય નાગરિક સામે માત્ર ધર્મે, જ્ઞાતિ, જાતિ, જન્મસ્થળ કે લિંગભેદ ભાષાના આધારે ભેદભાવ રાખી શકશે નહીં.

⇨ મહિલા અપમૃત્યુ ધારો

⇨ ભારતીય દંડ સંહિતા (આઈ.પી.સી.) ની કલમ ૪૯૮ (૬) અન્વયે સ્ત્રી અત્યાચાર પ્રતિબંધિત ધારો.

⇨ સ્ત્રીઓ સાથેના પોલીસના વ્યવહાર સંબંધી ધારો

⇨ ગુજરાત સરકારે પણ વ્યવસાય સ્થાને સેક્સયુઅલ એટ્રોસીટી વિરુદ્ધનો ધારો (ઈ.સ.૨૦૦૨) માં પસાર કરેલ છે.

⇨ રાજ્ય મહિલા આયોગની રચના

⇨ મફત કાનૂની સલાહ અને સહાયની જોગવાઈઓ

⇨ ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દીન તરીકે ઉજવાય છે જ્યારે ૨૫ નવેમ્બર નારી અત્યાચાર દિન તરીકે ઉજવાય છે.

રાજ્ય સરકારની મહિલા વિકાસ યોજનાઓ અને સિદ્ધિઃ

રાજ્ય સરકારે મહિલાઓના વિકાસ માટે અનેક યોજનાઓ આપી છે. સરકાર ખાસ મહિલા અને બાળ વિકાસ વિભાગ ચલાવે છે, આ વિભાગ દ્વારા મહિલાઓના વિકાસની અનેક યોજનાઓ સફળતાના પંથે આજે આગળ વધી રહી છે.

⇨ આંગણવાડી કાર્યકરો અને તેડાગરોની અંદર રહેલી મોટી કાર્યક્ષમતાને સતત બિરદાવવા માટે ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા ૨૦૦૭-૦૮ ના વર્ષથી માતા યશોદાનો પુરસ્કાર આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ

⇨ અનુસૂચિત જાતિ અને સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગની કન્યાઓને તેમના લગ્ન પ્રસંગે આર્થિક સહાય માટે ઈ.સ. ૧૯૯૫ માં રાજ્ય સરકારે કુંવરબાઈનું મામેરું યોજના અમલમાં મૂકેલ છે.

⇨ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કન્યાઓના શાળા છોડી જવાના પ્રમાણને અટકાવવા માટે ધોરણ – ૯માં અભ્યાસ કરતી કન્યાઓને પોતાના ઘરેથી અન્ય ગામમાં શિક્ષણ મેળવવા આવવા જવા માટે આવક મર્યાદાને ધ્યાનમાં રાખીને સાયકલ ભેટની યોજના.

⇨ અનુસૂચિત જાતિ અને જનજાતિની તમામ સગર્ભાઓ તથા ગરીબી રેખા નીચેની સગર્ભા સ્ત્રીઓને પ્રસૂતિ અંગે ૫૦૦/ રૂપિયાની સહાય.

⇨ સમગ્ર રાજયમાં કન્યા કેળવણીનું પ્રમાણ વધારવા ૩૫ ટકાથી ઓછી સ્ત્રી સાક્ષરતાવાળા ગામોમાં ૧૦૦ ટકા કન્યાઓનું નામાંકન થાય અને નવીન પ્રવેશ મેળવનાર ધોરણ – ૭ સુધી અભ્યાસ ચાલુ રાખે તે માટે વિદ્યાલક્ષ્મી બૉન્ડ યોજના દાખલ કરેલ છે.

⇨ સ્ત્રી અત્યાચાર અને તેમના પ્રશ્નોને વાચા મળે, તેમને તેમના જન્મસિદ્ધ હકો મળી રહે તે બાબતના અનુસંધાનમાં ઈ.સ.૨૦૦૮ થી લાડલી યોજનાનું અમલીકરણ.

⇨ ચિરંજીવી યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળની અનુસૂચિત જનજાતિની તમામ સગર્ભા સ્ત્રી નજીકના સરકાર માન્ય ખાનગી સ્ત્રી નિષ્ણાંત પાસે વિનામૂલ્યે પ્રસુતિ કરાવી શકે છે.

⇨ ઘર દીવડા યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબની ગ્રામ્ય અને શહેરી મહિલાઓને સ્વરોજગારી દ્વારા આર્થિક રીતે પગભર થવા રાષ્ટ્રીયકૃત બૅન્કો મારફતે ૫૦૦૦૦/ રૂપિયા સુધીની ભલામણ કરેલ છે.